MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
EQUITY AND EXCELLENCE

2023



માતા-પિતાની માહિતી શ્રેણી
Maryland માં વિશેષ શિક્ષણ સેવાઓ:

# માતાપિતાના અધિકારો અને પ્રક્રિયાત્મક સુરક્ષા સૂચના


વિશેષ શિક્ષણ પ્રક્રિયા

**માતાપિતાના અધિકારો**

IEP ને સમજવું

માધ્યમિકમાં આગળ વધવું



# પરિચય

**Maryland ના માતાપિતાના અધિકારો એન્ડ પ્રક્રિયાત્મક સુરક્ષા સૂચના મેરીલેન્ડની થ્રી થ્રુ ટ્વેન્ટી-વન પેરેન્ટ ઇન્ફોર્મેશન સિરીઝનો એક ભાગ છે,** Maryland માં વિશેષ શિક્ષણ પ્રક્રિયાઓ અને સેવાઓની સિસ્ટમમાં રાજ્યવ્યાપી પરિવારોને સહાય કરવા માટે રચાયેલ પ્રકાશનોનો સંગ્રહ.



# અનુક્રમણિકાનું કોષ્ટક


પૃષ્ઠ 4

**માતાપિતાના અધિકારો અને પ્રક્રિયાત્મક સુરક્ષા સૂચના**

પૃષ્ઠ 4

**કાયદો શું કહે છે**

પૃષ્ઠ 5

**તમારા અધિકારોને સમજવું**

પૃષ્ઠ 8

**માતાપિતા માટે ચેકલિસ્ટ**

પૃષ્ઠ 10

**જો મને પ્રશ્નો હોય અથવા તો મદદની જરૂર હોય તો શું કરવું?**


વધુ માહિતી માટે અહીં અમારી મુલાકાત લો
**www.marylandpublicschools.org**

# Maryland ના માતાપિતાના અધિકારો **અને પ્રક્રિયાગત સુરક્ષા સૂચના**

**Maryland માં સ્પેશિયલ એડ્યુકેશન સેવાઓ માટેની પાત્રતા માટે સંદર્ભિત બાળકના પ્રત્યેક પરિવારને પ્રથમ વખત રાજ્યની ઔપચારિક પ્રક્રિયાત્મક સુરક્ષા પુસ્તિકાની નકલ પ્રાપ્ત થાય છે.**

ઔપચારિક પ્રક્રિયાત્મક સુરક્ષા પુસ્તિકામાં ફેડરલ ઇન્ડિવિડ્યુઅલ્સ વિથ ડિસેબિલિટીઝ એડ્યુકેશન એક્ટ (IDEA) અને કોડ ઓફ મેરીલેન્ડ એનોટેટેડ રેગ્યુલેશન્સ (COMAR) દ્વારા સ્થાપિત પેરેંટલ અધિકારોની સંપૂર્ણ સમજૂતીનો સમાવેશ થાય છે.

માતાપિતાના અધિકારો એન્ડ પ્રક્રિયાત્મક સુરક્ષા પુસ્તિકાના ભાગ રૂપે, પરિવારોને તેમના પ્રક્રિયાગત સલામતી વિશે માહિતી માટે કોને અને ક્યાં કૉલ કરવો તે વિશે માહિતી આપવામાં આવે છે. તમામ સ્થાનિક શૈક્ષણિક સંસ્થાઓ (Local Education Agency) (LEA) અને જાહેર એનન્સીઓ (Public Agencies) (PA) પાસે માતાપિતાને તેમના અધિકારો સમજવા અને વિશેષ શિક્ષણ પ્રક્રિયાને નેવિગેટ કરવામાં મદદ કરવા માટે કુટુંબ સહાયક સ્ટાફ છે.

પરિવારોએ તેમના માતાપિતાના અધિકારો મેળવવા આવશ્યક છે: પ્રક્રિયાગત સુરક્ષા પુસ્તિકા જ્યારે તેમના બાળકને વિશેષ શિક્ષણ સેવાઓ માટે સંદર્ભિત કરવામાં આવે છે, ત્યાર પછી, રાજ્યની લેખિત ફરિયાદ અથવા નિયત પ્રક્રિયાની ફરિયાદની પ્રાપ્તિ પર, અને માતા-પિતાની વિનંતી પર, જ્યારે IEP* ધરાવતા વિદ્યાર્થીને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવે છે.

## કાયદો શું **કહે છે**

**ઇન્ડિવિડ્યુઅલ્સ વિથ ડિસેબિલિટીઝ એડ્યુકેશન એક્ટ (IDEA) વિકલાંગ વ્યક્તિઓ માટે શિક્ષણ અધિનિયમ (Individuals with Disability Education Act)) (IDEA) એક ફેડરલ કાયદો છે જે સમગ્ર દેશમાં વિકલાંગ બાળકોને સેવાઓની ખાતરી આપે છે.** વિકલાંગતા ધરાવતા તમામ બાળકો માટે નિઃશુલ્ક યોગ્ય જાહેર શિક્ષણ ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરવાના હેતુઓ ખાસ શિક્ષણ અને તેમની અનન્ય જરૂરિયાતોને પૂરી કરવા અને તેમને વધુ શિક્ષણ, રોજગાર અને સ્વતંત્ર જીવન માટે તૈયાર કરવા માટે રચાયેલ સંબંધિત સેવાઓ પર ભાર મૂકે છે.

# તમારા અધિકારોને સમજવું

## MARYLAND માં, પરિવારોને આનો અધિકાર છે:

### તેમની મૂળ ભાષામાં માહિતી મેળવો

Maryland ના કાયદા માટે આવશ્યક છે કે અગર કોઈ ભાષા શાળા પ્રણાલીમાં વસ્તીના એક ટકા કરતા વધુ લોકો બોલતા હોય તો, વિદ્યાર્થીના IEPનું કુટુંબની મૂળ ભાષામાં ભાષાંતર કરવામાં આવે. માતાપિતાના અધિકારો પ્રક્રિયાત્મક સુરક્ષા પુસ્તિકા પચીસ જુદી જુદી ભાષાઓમાં ઉપલબ્ધ છે અને તે MP4 અને YouTube દ્વારા પરિવારોને સાંભળવા માટે પણ ઉપલબ્દ્ધ છે. માતાપિતાના અધિકારો Maryland પ્રક્રિયાત્મક સુરક્ષા પુસ્તિકા વિનંતી પર દૃષ્ટિહીન પરિવારો માટે પણ ઉપલબ્ધ છે.

### IEP ટીમના નિર્ણયો વિશે તેમના બાળકના શૈક્ષણિક કાર્યક્રમનો અમલ થાય તે પહેલાં વાજબી સમયે માહિતી મેળવો

શાળા બાળકના શૈક્ષણિક કાર્યક્રમમાં ફેરફાર કરે તે પહેલાં તેઓએ માતા-પિતાને વાજબી સમયે જાણ કરવી જોઈએ, જેમાં ઓળખ, મૂલ્યાંકન, સ્થાન, અમલમાં મૂકાયેલ ધ્યેયો, સવલતો અથવા તેમના બાળકને પ્રાપ્ત થતી સેવાઓનો સમાવેશ થાય છે.

### તેમના બાળક અને પરિવારની અગત માહિતી ગુપ્ત રાખવામાં આવે તે જરૂરી છે

પરિવારોને તેમના બાળકના શૈક્ષણિક રેકોર્ડની સમીક્ષા કરવાનો અને જો તેઓને લાગે કે તેમાં અચોક્કસ માહિતી છે તો તેને સુધારવાની વિનંતી કરવાનો અધિકાર છે. તમામ LEAs અને PAs પાસે વિદ્યાર્થીઓના રેકોર્ડમાં સુધારો કરવા અનુસરવાની પરિવારો માટેની નીતિ અને પ્રક્રિયાઓ હોવી જોઈએ.

અમુક અપવાદ સિવાય, બાળક વિશેની કોઈપણ વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી બહાર પાડતા પહેલાં, માતાપિતાની સંમતિ જરૂરી છે. બાળક વિશેના દરેક દસ્તાવેજને તેમના શૈક્ષણિક રેકોર્ડનો ભાગ ગણવામાં આવતો નથી, જો કે, માહિતી હજુ પણ ગોપનીય રાખવી આવશ્યક છે અને થોડા અપવાદો સાથે, માતાપિતાની સંમતિ વિના પ્રકાશિત કરી શકાતી નથી. શાળા પ્રણાલી છોડ્યા પછી ચોક્કસ સમયગાળામાં બાળકનો શૈક્ષણિક રેકોર્ડ નાશ કરવામાં આવશે, જો કે, જ્યાં સુધી તે નાશ ન થાય ત્યાં સુધી માતાપિતા તેમના શૈક્ષણિક રેકોર્ડમાંથી દસ્તાવેજોની વિનંતી કરી શકે છે. વિદ્યાર્થી જે સાર્વજનિક શાળાઓમાં હતાં, અને જેમાં જવાના છે તેઓ વચ્ચે વિદ્યાર્થીના રેકોર્ડના ટ્રાન્સફર માટે માતાપિતાની સંમતિની જરૂર નથી અને તે ઝડપથી પૂર્ણ થવી જોઈએ. સાર્વજનિક અને ખાનગી શાળા વચ્ચેના રેકોર્ડના ટ્રાન્સફર માટે વાલીઓની સંમતિ જરૂરી છે.



## વિનંતી કરો કે તેમની શાળા પ્રણાલિલી, સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન (Independent Educational Evaluation) (IEE) માટે ચૂકવણી કરે.

જો કુટુંબ LEA અથવા PA દ્વારા પૂર્ણ કરાયેલા મૂલ્યાંકન અથવા મૂલ્યાંકનના પરિણામો સાથે અસંમત હોય, તો તેમને વિનંતી કરવાનો અધિકાર છે કે તેમના બાળકનું મૂલ્યાંકન શાળા પ્રણાલી અથવા એજન્સી દ્વારા નિયુક્ત ન હોય તેવા સ્વતંત્ર મૂલ્યાંકનકાર દ્વારા કરવામાં આવે અને LEA અથવા PA આકારણીની ચૂકવણી કરે.  જો તેઓ વિશેષ શિક્ષણ મૂલ્યાંકન માટે સંદર્ભ કરે અને ચોક્કસ સમયમર્યાદામાં વિદ્યાર્થીની IEP ટીમ તરફથી કોઈ જવાબ ન મળે તો પરિવાર IEE માટે પણ વિનંતી કરી શકે છે.  જ્યારે કુટુંબ IEEની વિનંતી કરે છે, ત્યારે LEA અથવા PA એ 30 દિવસની અદર મૂલ્યાંકન માટે ભંડોળની વિનંતી સાથે સંમત થઈને અથવા તેમના મૂલ્યાંકનના બચાવ માટે ઔપચારિક વિવાદ ઉકેલની વિનંતી કરીને જવાબ આપવો જોઈએ.

## આશા રાખવી કે તેમના બાળકોને શિસ્ત સંબધી સુરક્ષા મળશે.

જો LEA અથવા PA અમુક શિસ્તબદ્ધ પગલાં લે છે તો IDEA, IEPs ધરાવતા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ચોક્કસ અને વિગતવાર પ્રક્રિયાઓ અને રક્ષણ પૂરું પાડે છે.  આ સુરક્ષાઓ એવા વિદ્યાર્થીઓને લાગુ પડે છે જેઓ પહેલેથી જ સેવાઓ માટે પાત્ર છે, જે વિદ્યાર્થીઓ પાત્રતા નિર્ધારણ પ્રક્રિયામાં છે અને જેઓ પાત્રતા ધરાવતા નથી પરંતુ જેઓ LEA અથવા PA એ જાણતા હોવા જોઈએ કે તેઓ વિશેષ શિક્ષણ માટે પાત્ર હતા.

## તેમના બાળક માટે વિશેષ શિક્ષણના નિર્ણયો લેવાનો અધિકાર જાળવી રાખો.

Maryland માં, જ્યારે તેમનું બાળક 18 વર્ષનું થાય ત્યારે વિશેષ શિક્ષણ માટે નિર્ણય લેવાના અધિકારો માતાપિતા પાસે રહે છે.  એવા મર્યાદિત સંજોગો છે કે જેમાં વિશેષ શિક્ષણ માટે નિર્ણય લેવાના અધિકારો વિદ્યાર્થીને આપી શકાય છે.  પુખ્ત વર્ષની ઉંમરે નિર્ણય લેવાના અધિકારોનું સ્થાનાંતરણ થાય તે પહેલાં,એક પ્રક્રિયા છે જેના દ્વારા આ થાય છે અને માપદંડ પૂર્ણ કરવા આવશ્યક છે.

## તેમના બાળકને એકપક્ષીય રીતે ખાનગી શાળામાં મૂકવું, પરંતુ આપમેળે શાળા પ્રણાલીને પ્લેસમેન્ટ માટે ભંડોળ આપવાની અપેક્ષા રાખવી નહીં.

જો તેઓ IEP ટીમ દ્વારા કરાયેલ પ્લેસમેન્ટ સાથે અસંમત હોય તો, પરિવારો તેમના બાળકને ખાનગી શાળામાં મૂકી શકે છે, જો કે, તેઓ એવી ધારણા કરી શકે નહીં કે LEA અથવા PA તે પ્લેસમેન્ટ માટે ચૂકવણી કરશે.  પરિવારો તેમના બાળકના પ્લેસમેન્ટ વિશેની તેમની ચિંતાઓને ઉકેલવા માટે મધ્યસ્થી અને/અથવા નિયત પ્રક્રિયા સુનાવણી જેવી કે વિવાદ નિવારણ પ્રક્રિયાઓની પહોંચ મેળવી શકે છે.

## જો કોઈ માતાપિતા ઉપલબ્ધ ન હોય તો સરોગેટની નિમણૂક કરો

જો કોઈ વિદ્યાર્થી પાસે વિશેષ શિક્ષણ પ્રક્રિયાને સમર્થન આપવા માટે ઉપલબ્ધ માતાપિતાની વ્યાખ્યાને પૂર્ણ કરતી કોઈ વ્યક્તિ ન હોય, તો LEA અથવા PA તે વિદ્યાર્થી માટે માતાપિતા તરીકે કાર્ય કરવા માટે માવિત્ર સરોગેટની નિમણૂક કરી શકે છે. માવિત્ર સરોગેટ "રાજ્ય" ન હોઈ શકે, મતલબ કે વિદ્યાર્થીને સોંપેલ સામાજિક કાર્યકરને માવિત્ર સરોગેટ તરીકે નિમણૂક કરી શકાશે નહીં.  માવિત્ર સરોગેટને LEA અથવા PA દ્વારા તાલીમ આપવામાં આવે છે, અને MSDE ને તેમની નિમણૂક વિશે સૂચિત કરવામાં આવે છે.



## વધુ વિશેષ શિક્ષણ પ્રક્રિયાઓ માટે સંમતિ આપો, અથવા સંમતિ રદ કરો.

વધુ વિશેષ શિક્ષણ પ્રક્રિયાઓ માટે સંમતિ આપો, અથવા સંમતિ રદ કરો.

માતાપિતાની સંમતિ આ માટે જરૂરી છે:

- વ્યક્તિગત મૂલ્યાંકન કરવા
- વિશેષ શિક્ષણ સેવાઓ શરૂ કરવા
- વૈકલ્પિક શૈક્ષણિક પ્રાપ્તિ ધોરણોમાં ભાગ લેવા
- વૈકલ્પિક રાજ્ય આકારણીઓમાં ભાગ લેવા
- તેમના બાળકના IEP અથવા વર્તન દરમિયાનગીરી યોજના પર અંકુશ અથવા એકાંતનો ઉપયોગ શામેલ કરવા.

આમાંની કોઈપણ ક્રિયા માટે પરિવાર દ્વારા કોઈપણ સમયે પૂર્વ સંમતિ રદ કરવામાં આવી શકે છે.

## તમારા બાળકની ઓળખ, મૂલ્યાંકન, શૈક્ષણિક પ્લેસમેન્ટ અથવા નિ:શુલ્ક, યોગ્ય જાહેર શિક્ષણની જોગવાઈ અંગેના મતભેદોનું નિરાકરણ કરો.

કેટલીકવાર ભાગીદારો બાળક માટેની સેવાઓ વિશે અસંમત હોઈ શકે છે. જો મતભેદ થાય, તો પરિવારોને નીચેની કોઈપણ (અથવા બધી) પ્રક્રિયાઓ મેળવવાનો અધિકાર છે: મધ્યસ્થી, નિયત પ્રક્રિયા સુનાવણી, ઔપચારિક રાજ્ય ફરિયાદ.

### મધ્યસ્થી:

મધ્યસ્થી એ વિવાદોના ઉકેલ માટે એક ગોપનીય, સ્વૈચ્છિક પ્રક્રિયા છે. એક પ્રશિક્ષિત મધ્યસ્થી ભાગીદારોને તેમના મંતવ્યો વ્યક્ત કરવામાં અને મુદ્દા પર એકબીજાની સ્થિતિ સમજવામાં મદદ કરે છે. મધ્યસ્થીની ભૂમિકા ભાગીદારોને મુદ્દાઓની ચર્ચા કરવામાં અને ઉકેલ લાવવામાં મદદ કરવાની છે. મધ્યસ્થી કોઈ પદ, પક્ષ લેતો નથી અથવા ઉકેલની ભલામણ કરતો નથી.

### નિયત પ્રક્રિયા સુનાવણી:

નિયત પ્રક્રિયા સુનાવણી એ એડમિનિસ્ટ્રેટિવ લૉ જજ સાથે આયોજિત ઔપચારિક પ્રક્રિયા છે. પક્ષકારો જુબાની રજૂ કરે છે અને તેમની સ્થિતિને સમર્થન આપવા માટે સાક્ષીઓ અને પુરાવા પ્રદાન કરે છે. વહીવટી કાયદાના ન્યાયાધીશની ભૂમિકા સુનાવણી હાથ ધરવાની, અને મતભેદનું નિરાકરણ લાવવાનો નિર્ણય જારી કરવાની છે.

### ઔપચારિક રાજ્ય ફરિયાદ:

જો માતાપિતા માને છે કે  ઇન્ડિવિડ્યુઅલ્સ વિથ ડિસેબિલિટીઝ એડ્યુકેશન એક્ટ(IDEA) અથવા મેરીલેન્ડ રાજ્યના કાયદા અથવા નિયમોની જરૂરિયાતોનું ઉલ્લંઘન થયું છે, તો મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશન (MSDE) માં રાજ્ય ફરિયાદ દાખલ કરવામાં આવી શકે છે. જ્યારે રાજ્ય ફરિયાદ દાખલ કરવામાં આવે છે, ત્યારે કોઈપણ ઉલ્લંઘનને સુધારવા માટે, MSDE ફરિયાદોની અને (જો જરૂરી હોય તો) કોઈ પણ આવશ્યક ફેરફારો માટે તપાસ કરવા જવાબદાર છે.



# **માતાપિતા** માટે ચેકલિસ્ટ

## શું તમે નીચેના પ્રશ્નોના જવાબ “હા” આપી શકો છો?

પરિવારો માટે તેમના વિદ્યાર્થીના શિક્ષણમાં ભાગ લેવા માટે Maryland ની પ્રક્રિયાગત સુરક્ષા વ્યવસ્થાને સમજવી મહત્વપૂર્ણ છે. જો તમે નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો "હા" જવાબ આપી શકતા નથી, તો તમારી સ્થાનિક અથવા MSDE કુટુંબ સહાય ટીમ માહિતી અને સહાય પૂરી પાડી શકે છે.

### વિશેષ શિક્ષણ પ્રક્રિયા

- ❍ શું હું Maryland માં વિશેષ શિક્ષણ પ્રક્રિયાને સમજું છું—જેમાં સેવાઓ, પ્રક્રિયાઓ, સમયરેખાઓ અને પ્રક્રિયાગત સલામતીનો સમાવેશ થાય છે?
- ❍ શું હું મૂલ્યાંકન પ્રક્રિયા અને યોગ્યતા કેવી રીતે નક્કી કરવામાં આવે છે તે સમજું છું?
- ❍ શું હું મૂલ્યાંકન પ્રક્રિયામાં મારી ભૂમિકાને સમજું છું?
- ❍ શું હું જાણું છું કે હું મારા બાળકના મૂલ્યાંકન માટે આયોજનમાં મારા પરિવારની ચિંતાઓ અને પ્રાથમિકતાઓને શેર કરી શકું છું?
- ❍ શું હું સમજું છું કે મૂલ્યાંકન માટે મારે લેખિત સંમતિ આપવી પડશે?
- ❍ શું હું સમજું છું કે મારી સંમતિ જરૂરી હોય તેવી કોઈપણ પ્રક્રિયા માટે હું કોઈપણ સમયે સંમતિ રદ કરી શકું?
- ❍ શું હું સમજું છું કે શા માટે મારું બાળક વિશેષ શિક્ષણ સેવાઓ માટે પાત્ર છે?
- ❍ જો મારું બાળક વિશેષ શિક્ષણ સેવાઓ માટે પાત્ર ન હોવાનું જણાયું, તો શું હું સમજું છું કે તે શા માટે છે?
- ❍ શું હું જાણું છું કે જો મને મારા કાર્યપદ્ધતિ સંબંધી સુરક્ષાને સમજવામાં સહાયની જરૂર હોય તો કોનો સંપર્ક કરવો?

### ધ ઇન્ડિવિડ્યુઅલાઇઝ્ડ એડ્યુકેશન પ્રોગ્રામ (IEP)

- ❍ શું હું IEP નો હેતુ સમજું છું?
- ❍ શું હું IEP ટીમમાં મારી ભૂમિકાને સમજું છું?
- ❍ શું હું IEP પૂર્ણ કરવા અને સમીક્ષા કરવા માટેની સમયરેખા જાણું છું? શું હું સમજું છું કે હું કોઈપણ સમયે IEP સમીક્ષાની વિનંતી કરી શકું?
- ❍ શું હું મારા બાળક માટેના IEP લક્ષ્યો અને ઉદ્દેશ્યો અને ધ્યેયો સિદ્ધ કરવા માટે ઉપયોગમાં લેવાતી વ્યૂહરચના અને સેવાઓને સમજું છું?



- ❍ શું હું સમજું છું કે શાળા છોડ્યા પછી લક્ષ્યો મારા બાળકને સંક્રમણમાં કેવી રીતે મદદ કરી શકે છે?
- ❍ શું મને ખબર છે કે સેવાઓ ક્યારે શરૂ થશે, કેટલી વાર,કેટલા સમય માટે અને ક્યાં પૂરી પાડવામાં આવશે ?
- ❍ શું મેં સમજ્યું છે કે સેવાઓ શરૂ કરવા માટે મારે લેખિત સંમતિ આપવી પડશે?
- ❍ શું હું જાણું છું કે એકવાર હું સેવાઓ શરૂ કરવા માટે લેખિત સંમતિ આપી દઉં, તો મને ફરીથી કરવાની જરૂર નહીં પડે?
- ❍ શું હું જાણું છું કે પ્રગતિ કેવી રીતે નક્કી કરવામાં આવશે?
- ❍ શું મને ખબર છે કે સેવાઓમાં ફેરફારની વિનંતી કેવી રીતે કરવી?
- ❍ શું હું સમજું છું કે સેવાઓ મારા બાળકને શાળામાં સફળ થવામાં કેવી રીતે મદદ કરશે?
- ❍ શું હું સંક્રમણ પ્રક્રિયાને સમજું છું – જેમાં અન્ય એજન્સીઓ, સંક્રમણ પ્રવૃત્તિઓ, ધ્યેયો અને આ સેવાઓ માટે મારા બાળકનો શૈક્ષણિક કાર્યક્રમ કેવી રીતે તૈયાર છે, તે શામિલ છે?
- ❍ શું હું શાળામાંથી બહાર નીકળવાની પ્રક્રિયાને સમજું છું?

## માતાપિતાની સંડોવણી: IEP પ્રક્રિયામાં સંપૂર્ણ રીતે ભાગ લેવો

- ❍ જો મને મારી માતૃભાષામાં અથવા સાંકેતિક ભાષા જેવા સંચારના માધ્યમ દ્વારા માહિતી શેર કરવાની જરૂર છે, તો શું સ્થાનિક IEP ટીમે મારી જરૂરિયાત પૂરી કરી છે?
- ❍ શું હું સમજું છું કે શાળા સાથે સહયોગ કરીને હું મારા બાળકને શીખવામાં કેવી રીતે મદદ કરી શકું?
- ❍ શું મને ખબર છે કે જો મને મારા બાળકના શૈક્ષણિક કાર્યક્રમ વિશે ચિંતા હોય તો શું કરવું?
- ❍ શું હું હિમાયત અને પરિવાર સહાય કાર્યક્રમ વિશે અને તેની પહોંચ કેવી રીતે મેળવવી તે જાણું છું?
- ❍ શું હું જાણું છું કે શૈક્ષણિક માહિતી કેવી રીતે વહેંચવામાં આવે છે અને મારા બાળકના રેકોર્ડ કેવી રીતે ગોપનીય રાખવામાં આવે છે?
- ❍ શું હું મારા બાળકના શૈક્ષણિક કાર્યક્રમ માટે મહત્વપૂર્ણ દસ્તાવેજો અને નોંધો સાચવું છું? દસ્તાવેજો જેમાં શામેલ છે:
  - વર્તમાન અને ભૂતકાળના IEPs
  - તબીબી મૂલ્યાંકન અહેવાલો
  - મૂલ્યાંકન અહેવાલો
  - માતાપિતાના અધિકારો/પ્રક્રિયાત્મક સુરક્ષા સૂચના
  - માહિતી ફોર્મ્સ પર હસ્તાક્ષરિત પ્રકાશન
  - શિક્ષકો તરફથી નોંધો
  - સેવા પ્રદાતાઓ તરફથી સંચાર
  - IEP ટીમ મીટિંગ્સની નોંધો
  - ટેલિફોન વાર્તાલાપમાંથી નોંધો
- ❍ શું હું જાણું છું કે મેરીલેન્ડમાં ફેમિલી સપોર્ટ સર્વિસીસ (FSS) કોઓર્ડિનેટર્સનું રાજ્યવ્યાપી નેટવર્ક છે? વિકલાંગ બાળકોના પરિવારોને મદદ કરવા માટે FSS સંયોજકો દ્વારા ઉપલબ્ધ છે:
  - પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓ વિશેના પ્રશ્નોના જવાબો
  - સંક્રમણ માટેના આયોજનમાં પરિવારોને મદદ કરવી
  - મતભેદ ઉકેલવા વિશે વધુ માહિતી પૂરી પાડવી.
- ❍ શું હું જાણું છું કે મારા કેસ મેનેજર મારા સ્થાનિક ફેમિલી સપોર્ટ સર્વિસીસ કોઓર્ડિનેટર માટે સંપર્ક માહિતી સહિતની માહિતી આપી શકે છે?

# જો મને પ્રશ્નો હોય અથવા **મદદની જરૂર હોય તો શું?**

## સ્થાનિક ફેમિલી સપોર્ટ સર્વિસીસ કોઓર્ડિનેટર્સ

| સ્થાનિક સ્કૂલ વ્યવસ્થા | જન્મથી 5 ની ઉંમર | 5 થી 21 ની ઉંમર |
|---|---|---|
| Allegany | 240-920-6829 | 240-920-6829 |
| Anne Arundel | 410-424-3270 | 410-424-3258 |
| Baltimore City | 410-396-1666 | 443-642-3848 |
| Baltimore County | 443-809-9696 | 443-809-5443 |
| Calvert | 443-550-8406 | 443-550-8375 |
| Caroline | 410-479-3609 | 410-479-3609 |
| Carroll | 410-751-3955 | 410-751-3955 |
| Cecil | 410-996-6230 | 410-996-6230 |
| Charles | 301-934-7456 | 301-934-7456 |
| Dorchester | 410-901-6915 | 410-901-6915 |
| Frederick | 240-578-1244 | 240-236-8744 |
| Garrett | 301-914-1351 | 301-914-1351 |
| Harford | 410-273-5579 | 410-273-5579 |
| Howard | 410-313-7161 | 410-313-7161 |
| Kent | 410-778-5708 | 410-778-5708 |
| Montgomery | 240-777-4809 | 240-753-9487 |
| Prince George’s | 240-521-5054 | 301-431-5675 |
| Queen Anne’s | 410-758-2403, x135 | 410-758-2403, x135 |
| Somerset | 410-651-1616, x11385 | 410-651-1616, x11385 |
| St. Mary’s | 301-475-5511, x32218 | 240-309-4113 |
| Talbot | 410-822-0330 | 410-822-0330 |
| Washington | 301-766-8221 | 301-766-8221 |
| Wicomico | 410-677-5250 | 410-677-5250 |
| Worcester | 410-632-5234 | 410-632-5234 |
| મેરીલેન્ડ સ્કૂલ ફોર ધી બ્લાઇન્ડ (Maryland School for the Blind) | 410-444-5000, x1489 | |
| મેરીલેન્ડ સ્કૂલ ફોર ધી ડેફ (Maryland School for the Deaf) | 443-277-8899 | |
| મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેંટ ઓફ એડ્યુકેશન (Maryland State Department of Education) | 410-767-0255 | |

**MARYLAND STATE DEPARTMENT OF EDUCATION**

**Mohammed Choudhury**
State Superintendent of Schools

**Dr. Deann Collins**
Deputy Superintendent for Office of Teaching and Learning

**Clarence C. Crawford**
President, Maryland State Board of Education

**Wes Moore**
Governor

© 2023 Maryland State Department of Education
આ પ્રકાશન Maryland State Department of Education, Division of Early Intervention and Special Education Services દ્વારા US Department of Education, Grant #H393A090124A, PL 105-17/111-5 Individuals with Disabilities Education Act/ American Recovery and Reinvestment Act હેઠળ શીશુઓ અને પરિવારો “Recovery Fund” માટે વિશેષ શિક્ષણ-અનુદાનના ભંડોળ સાથે વિકસાવવામાં આવ્યું હતું. Maryland State Department of Education, Division of Early Intervention and Special Education Services એ Maryland Infants and Toddlers Program માટે મુખ્ય એજેન્સી છે, આ પ્રોગ્રામ રાજ્ય અને સ્થાનિક એજેન્સીઓ અને સંસ્થાઓ દ્વારા સંકલિત સેવાઓ અને સમર્થનનો રાજ્યવ્યાપી કાર્યક્રમ છે. આ પ્રકાશનમાં સમાવિષ્ટ માહિતીની નકલ અથવા વહેંચનારા વપરાશકર્તાઓએ Maryland State Department of Education, Division of Early Intervention and Special Education Service, Dr. Dean Collins, Superintended for Office of Teaching and Learning ને ક્રેડિટ આપવી જરૂરી છે.



MARYLAND STATE DEPARTMENT OF EDUCATION

EQUITY AND EXCELLENCE

410-767-0100

www.marylandpublicschools.org

200 West Baltimore Street
Baltimore, MD 21201-2595